# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-10-2023** **Evening : 7.10 to 7.20pm**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હીના મોદી વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહા સ્વચ્છતા અભિયાનનું નેતૃત્વ કર્યું – દેશભરમાં સાત લાખ જેટલા સ્વચ્છતાના કાર્યક્રમો યોજાયા.
- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદના રાણીપ ખાતે એક તારીખ, એક કલાકના સૂત્ર સાથે મહાશ્રમદાન પ્રવૃત્તિમાં જોડાયા.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયા.
- રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, ગુજરાત વિદ્યાપીઠમાં દર મહિને, છેલ્લા શનિવારે, એક કલાક સામૂહિક શ્રમદાનથી સ્વચ્છતા અભિયાન ચાલશે.
- આવતીકાલથી એક સપ્તાહ સુધી સમગ્ર દેશ સહિત રાજયભરમાં વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## PM Maha Swachhta Abhiyan

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહા સ્વચ્છતા અભિયાનનું નેતૃત્વ કર્યું- સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ દેશભરમાં લગભગ સાત લાખ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર આજે દેશભરના લોકો મેગા સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો. શ્રી મોદીએ મહાત્મા ગાંધીને તેમની જન્મજયંતિની પૂર્વસંધ્યાએ શ્રદ્ધાંજલિ આપવા માટે આજે સવારે 10 વાગ્યે સ્વચ્છતા અભિયાન માટે એક કલાકના શ્રમદાન માટે નાગરિકોને અપીલ કરી હતી. ગત મન કી બાત કાર્યક્રમમાં, પ્રધાનમંત્રીએ સ્વચ્છતા હી સેવા અભિયાનના મહત્વ પર ભાર મૂક્યો હતો તમામ ક્ષેત્રના નાગરિકો બજારો , રેલ્વે ટ્રેક, જળાશયો, પ્રવાસન સ્થળો અને પૂજા સ્થાનો સહિત જાહેર સ્થળોએ સફાઈ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

## Amit Shah

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદના રાણીપ ખાતે એક તારીખ, એક કલાકના સૂત્ર સાથે મહાશ્રમદાન પ્રવૃત્તિમાં જોડાયા હતા. સ્વચ્છતા હી સેવા 2023ની થીમ ગાર્બેજ ફ્રી ઇન્ડિયા અંતર્ગત રાણીપ એએમટીએસ બસસ્ટોપ અને તેની આસપાસના વિસ્તારોમાં સફાઇ કરવામાં આવી હતી.

ગૃહમંત્રી અમિત શાહે સ્થાનિક અને સફાઇ કામદારો સાથે આ શ્રમદાન પ્રવૃત્તિમાં જોડાઇને લોકોનો ઉત્સાહ વધાર્યો હતો. ત્યારબાદ તેઓ રાણીપ વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિરના દર્શને ગયા હતા. આ કાર્યક્રમમાં અમદાવાના મેયર, સ્ટેન્ડિંગ કમીટી ચેરમેન, ધારાસભ્ય, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ, અધિકારીઓ સહિત કર્મચારીઓ પણ આ સેવાયજ્ઞમાં જોડાયા હતા.

## CM Cleanliness Campaign Ghatlodia

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે તેમના મતવિસ્તાર ઘાટલોડિયા ખાતે સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયા હતા. જે અંતર્ગત ઘાટલોડિયા મતક્ષેત્રના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા કાર્યમાં જોડાઈને શ્રમદાન કર્યું. આવતીકાલે ગાંધી જયંતી છે, ત્યારે સામુહિક શ્રમદાનથી શેરી, મહોલ્લા, જાહેર સ્થળોને સ્વચ્છ કરી પૂજ્ય

બાપુને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ તેમ તેમણે જણાવ્યું હતું. ઉપરાંત સ્વચ્છ સ્થળોની સ્વચ્છતા જાળવી રાખવાની પણ સૌને અપીલ કરી હતી.

ત્યારબાદ જામનગરના સિદસર ખાતે યોજાયેલ બીલ્વપત્ર ત્રિદીવસીય મહોત્સવમાં મુખ્યમંત્રી પહોંચ્યા હતા અને સમાજના ઉત્કર્ષ માટે કાર્યરત ઉમિયા માતાજીના સભ્યોનો અભિનંદન આપ્યા હતા. આ વેળાએ તેમણે જણાવ્યું કે, વિકસિત ભારતના નિર્માણ માટે જી-20 સમીટનું સફળ આયોજન એ ભારતની શક્તિનો પરિચય કરાવ્યો છે. તેમણે શ્રદ્ધા, સેવા, સમર્પણને વળેલા પાટીદાર સમાજના નારીશક્તિને પ્રોત્સાહીત કરી હતી.

**Chief Minister Bhupendra Patel**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મોરબીના કબીરધામ, નાની વાવડી  ખાતે પૂજ્યશ્રી મોરારી બાપુની  ભક્તિ સભર શૈલી માં આયોજિત રામકથામાં ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કર્યું હતું.

આ માનસ શ્રદ્ધાંજલિ કથા નું આયોજન મોરબી પૂલ દુઘર્ટનાના દિવંગત આત્માઓના મોક્ષ અર્થે કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ આ દિવાંગતોને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, મોરબી પૂલ દુર્ઘટનાના દિવંગતોની મોક્ષ પ્રાપ્તિ માટે આ માનસ શ્રદ્ધાંજલિ કથાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે તેમની મોક્ષ પ્રાપ્તિ માટે હું પણ પ્રાર્થના કરું છું.

તેમણે મોરારી બાપુની કથાના  શ્રવણથી સત્ય, પ્રેમ, કરુણા અને રામ નામ થકી સૌનું જીવન સાર્થક બને તેવી પણ અપેક્ષા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે કચ્છ જિલ્લાની મુલાકાતે જશે. જયાં તેઓ સવારે ૧૦ વાગ્યે  નખત્રાણા તાલુકાના સાંયરા ગામે આયોજિત થનારા મોટાયક્ષના મેળાનો શુભારંભ કરાવશે.

## Governer Acharya Devvratji

રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, ગુજરાત વિદ્યાપીઠમાં દર મહિને, છેલ્લા શનિવારે, એક કલાક સામૂહિક શ્રમદાનથી સ્વચ્છતા અભિયાન ચાલશે. તેમણે પૂજ્ય ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠ લોકો જોવા આવે એવી સ્વચ્છ અને આદર્શ બનાવવા લોકોને અનુરોધ કર્યો છે.

'સ્વચ્છતા જ સેવા' અભિયાન અંતર્ગત 'એક તારીખ-એક કલાક-એક સાથ': રાષ્ટ્રવ્યાપી શ્રમદાન મહાઅભિયાન અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત વિદ્યાપીઠ પરિસરમાં ૧,૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને વ્યવસ્થાપકો સાથે એક કલાક સાફ-સફાઈ કરીને પૂજ્ય મહાત્મા ગાંધીજીને 'સ્વચ્છાંજલિ' અર્પણ કરી હતી. પૂર્વ મંત્રી અને ગુજરાત વિદ્યાપીઠ મંડળના ટ્રસ્ટી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ગુજરાત વિદ્યાપીઠ મંડળના મહામંત્રી ડૉ. હર્ષદ પટેલ પણ શ્રમદાન મહાઅભિયાનમાં જોડાયા હતા.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, પૂજ્ય બાપુનો સંદેશ હતો કે, "મારું જીવન જ મારો સંદેશ છે." મહાન વ્યક્તિ એ છે જે અંતરમાં હોય તે વાણીથી વ્યક્ત કરે, વાણીથી જે વદે તેને કર્મમાં પરિવર્તિત કરે. ભાષણ કરીએ પણ આચરણમાં ન મૂકીએ તો તે વ્યર્થ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છ ભારત અભિયાન'થી દેશની યુવા પેઢીને સ્વચ્છતા પ્રતિ જાગૃત અને પ્રતિબદ્ધ બનાવી છે. સામૂહિક સ્વચ્છતા અભિયાનથી 'સ્વચ્છતા' હવે આદત અને સ્વભાવ બની રહી છે.

## Assembly Speaker Shankar Chaudhary

આજે ગુજરાત વિધાનસભા પરિસરમાં અધ્યક્ષ શંકર ચૌધરી દ્વારા પૂજ્ય મહાત્મા ગાંધી, વિઠ્ઠલભાઈ પટેલ અને સરદાર પટેલની પ્રતિમાને સફાઈ અને શ્રમદાન કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વચ્છતાના આહવાનને નવી પેઢીએ પોતાનો 'જીવન મંત્ર' બનાવ્યો છે. મહાત્મા ગાંધીના

સ્વછતાના સ્વપ્નને સાકાર કરવા તેમણે સ્વચ્છ ભારત અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. જે આજે જનજનનો સ્વભાવ બન્યો છે. દેશના નાગરિકો સ્વયંભૂ આ અભિયાનમાં જોડાવા લાગ્યા છે. સ્વચ્છતાના પરિણામે બિમારી દૂર રહે છે અને મન પ્રફુલ્લિત રહે છે.  બીજી ઓક્ટોબર ગાંધી જયંતિ નિમિતે ગુજરાત સહિત દેશભરમાં સ્વચ્છતા અભિયાન  ઉજવાઇ રહ્યું છે, જે પૂજ્ય મહાત્મા ગાંધીજીને સાચી ભાવાંજલિ છે.

## Swachhta Hi Seva PTC-1

સ્વચ્છતા હી સેવા માસની ઉજવણી અંતર્ગત રાજયભરમાં સ્વચ્છતાના વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી.

વલસાડ જીલ્લાના પ્રતિનિધિ નવીન પટેલના જણાવ્યા અનુસાર જિલ્લાના વાપી ખાતે રાજયનાં નાણાંમંત્રી કનુભાઇ દેસાઇની ઉપસ્થિતિમાં મહા સફાઇ અભિયાનની કામગીરી કરવામાં આવી હતી. વલસાડ જિલ્લાની 384 ગ્રામપંચાયતોના એકાવન હજાર સાતસો પચ્ચીસ લોકો મહા શ્રમદાન અભિયાનમાં જોડાયા હતાં. ગામડાઓમાં સફાઇ, રંગોળી, હેન્ડવોશ અને સ્વચ્છતા શપથ સહિતની કુલ 223 પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

પંચમહાલ જીલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિતના જણાવ્યા અસાર જિલ્લાના 630 ગામો સહિત 844 સ્થળોએ મહાશ્રમદાન સફાઇ અભિયાન કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમ૩ વિધાનસભાના ઉપાધ્યક્ષ, જિલ્લા પંચાયતના પ્રમુખ, જીલ્લાના સર્વ ધારાસભ્યો સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહી સફાઇ અભિયાનની ઝુંબેશમાં જોડાયા હતા.

અમારા દિવ જિલ્લાના પ્રતિનિધિ ભારતી રાવલના જણાવ્યા અનુસાર દિવ નગર પાલિકા દ્વારા વિવિધ બીચની સફાઇ કરવામાં આવી હતી. અને ફ્રેન્ડલી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સ્વચ્છતા અંગેનો સંદેશ આપવામાં આવ્યો હતો.

તાપી જીલ્લાના પ્રતિનિધિ નિરવ કંસારાના જણાવ્યા અનુસાર જિલ્લાના ગ્રામ્યવિસ્તારના 2 લાખ 88 હજાર 727થી વધુ લોકોની જનભાગીદારી  દ્વારા આશરે 46 ટન જેટલા કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવામાં આવ્યો હતો.

## Swachhta Hi Seva PTC-2

અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ અંકિત ચૌહાણના જણાવ્યા અનુસાર જિલાલાના આરોગ્ય કેન્દ્રો, આંગણવાડીઓ, શાળાઓ, ધાર્મિક સ્થળો સહિતની વિવિધ જગ્યાઓએ સફાઇ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતરના જણાવ્યા અનુસાર સોમનાથ બીચ ખાતે નકામા ટાયર, ઝભલાં, કપડાના ટુકડાઓ, પ્લાસ્ટીકની ખાલી બોટલો સહિતના વિવિધ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

પાટણ જીલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકીના જણાવ્યા અનુસાર સિધ્ધપુર તાલુકાના ખળી ગામે ગ્રામજનો, અધિકારીઓ, કર્મચારીઓ, સાથે જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ ભાનુમતિબેન મકવાણાએ સ્વચ્છતા અભિયાનના શ્રમદાનમાં ભાગ લીધો હતો.

## Wildlife Week

આવતીકાલથી એક સપ્તાહ સુધી સમગ્ર દેશ સહિત રાજયભરમાં વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મભૂમિ ગુજરાતમાં વન્ય જીવ સપ્તાહને સ્વચ્છતા અભિયાન સાથે જોડવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજયમાં બીજી ઓકટોબરથી આઠમી ઓકટોબર દરમિયાન તમામ જિલ્લાઓ અને તાલુકાઓમાં વન્યપ્રાણી સપ્તાહની વિવિધ રીતે ઉજવણી કરવામાં આવશે.

વન્યપ્રાણી સપ્તાહ દરમિયાન વન્યજીવોનું મહત્વ સમજાવાશે. તેમજ રાજયના તમામ અભ્યારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનોના વિસ્તારને 100 ટકા પ્લાસ્ટીક મુકત બનાવવાનું અભિયાન હાથ ધરાશે.

## Valsad's Book Parab

વલસાડની પુસ્તક પરબ સંસ્થા દ્વારા શહેરમાં પુસ્તક પ્રદર્શન યોજાયું. જેમાં ૧૪૯ જેટલા પુસ્તકો લોકોએ વાંચવા લીધા હતા.

આ કાર્યક્રમ દ્વારા વલસાડ શહેરના પુસ્તક વાંચનારાઓને પુસ્તકો મળી રહ્યા છે. પુસ્તક પરબની મુલાકાત ૧૨૦ થી વધુ લોકોએ લીધી હતી. વિવિધ વ્યવસાય સાથે જોડાયેલા દરેક વયના લોકોએ આ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. ફૂટપાથ પર ભરાતી પુસ્તક પરબથી લોકોને વાંચનનો શોખ કેળવાય તે હેતુ હતો. પુસ્તક પરબ વલસાડની ટીમને આ કાર્યક્રમ નિયમિત ચલાવવા લોકો દ્વારા પ્રોત્સાહન મળી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, દર મહિનાના પ્રથમ રવિવારે અનુકૂળ જગ્યાએ પુસ્તક પરબ યોજાઈ રહી છે.

તો મોરબીમાં પણ પુસ્તક પરબનો શુભારંભ કરવામાં આવ્યો હતો જે ઓપન લાઈબ્રેરી જેવા પુસ્તક પરબમાં વાચકોને ગમે તે પુસ્તકો લઇ જઈ સકે અને પોતાની પાસે વધારાના પુસ્તકો હોય તે ભેટ પણ આપી શકે છે.

પુસ્તક પરબનું આયોજન દર માસના પ્રથમ રવિવારે કરવામાં આવે છે ત્યારે આજે પણ પુસ્તક પરબ યોજાયું હતું.

## Cancer Awareness and Early Detection Camp

વલસાડમાં કેન્સર અવેરનેસનો કેમ્પ યોજાયો હતો. જેમાં રાજયના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કેન્સર અંગે વહેલી તકે લોકોમાં જાગૃતિ આવે અને કેન્સર પેશન્ટને તાત્કાલિક ધોરણે સારવાર મળે

તે હેતુથી મુંબઇની કેન્સર પેશન્ટ એઈડ એસોસિએશન દ્વારા કેન્સરના બનાવોને અટકાવવા માટે જાગૃતિ કેમ્પ યોજાયો હતો.

આ પ્રસંગે મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે, કોઈપણ રોગને ફેલાતો અટકાવવા માટે વહેલુ નિદાન ખૂબ જ જરૂરી છે. મેડી મિત્રા એનજીઓમાં મોટી સંખ્યામાં લોકો જોડાયેલા છે.

મેડી મિત્રાના કાર્યકર નવીન બોહરાએ જણાવ્યુ કે, અમારી સંસ્થા દ્વારા કેન્સરના દર્દીઓની કાળજી રાખવામાં આવે છે અને જરૂર પડયે ગરીબ વર્ગના દર્દીને આર્થિક સહાય પણ કરવામાં આવે છે.

## Jamnagar Hapa Station -LHB rank

જામનગરના હાપા રેલવે સ્ટેશન પર થી સાંસદ પૂનમબેન માડમે, લીલી ઝંડી બતાવી હાપા-બિલાસપુર અને ઓખા-નાથદ્વારા એક્સપ્રેસ ટ્રેનોમાં LHB રેકનો શુભારંભ કરાવ્યો હતો.

અમારા જામનગરના પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે, અનુસાર હાપા-બિલાસપુર એક્સપ્રેસ અને ઓખા-નાથદ્વારા એક્સપ્રેસ ટ્રેનો પરંપરાગત રેકની જગ્યાએ નવા રૂપાંતરિત એલએચબી -LHB રેક સાથે દોડશે.

શ્રીમતી પૂનમબેન માડમે જણાવ્યું હતું કે હાપા-બિલાસપુર અને ઓખા-નાથદ્વારા એક્સપ્રેસ ટ્રેનોમાં LHB રેકની સુવિધા મુસાફરોને વધુ આરામદાયક અને સલામત મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે

## Swachhta Abhiyan Pressnote

સ્વચ્છતા પખવાડિયા સ્વચ્છતા હી સેવા 2023ના ભાગરૂપે મહાત્મા ગાંધીને તેમના જન્મની પૂર્વસંધ્યાએ શ્રદ્ધાંજલિ આપવા માટે વિશાળ સ્વચ્છતા ઝુંબેશ સાથે શ્રમદાન કાર્યક્રમ યોજાઇ રહ્યો છે.

જે અંતર્ગત મુખ્યમંત્રી, વિવિધ મંત્રીઓ, સાંસદસભ્યો, ધારાસભ્યો, મહાનગરપાલિકાઓના મેયરશ્રીઓ, તથા નગરપાલિકાના પ્રમખ અને પદાધિકારીઓ દ્વારા વિવિધ જગ્યાઓએ શ્રમદાન કરવામાં આવ્યું હતું.